ॐ श्री

કાશ્મીરનું પ્રભાત

નાટકનાં ગાયનો.

લેખક-

"પ્રો. ગજેન્દ્રશંકર લાલશંકર પંડયા."

એમ. એ. બી ટી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બાપુલાલ બી. નાયક.

મુંબઇ ગુજરાતી નાટક મંડળીના માલિક

કોરોનેશન થીએટર—મુંબઇ.

આવૃત્તિ ૩ જી   પ્રત ૫૦૦૦

સંવત ૧૯૭૪   સને ૧૯૧૮

મુલ્ય ૦-૪-૦

પ્રસિદ્ધ કરનારઃ-બાપુલાલ બી. નાયક.
કોરોનેશન થીએટર-મુંબઈ.
છાપનારઃ-ચુનીલાલ અમીચંદ ઝવેરી.
શ્રી "નટવર" પ્રેસ, સેન્ડહર્સ્ટ રોડ,-મુંબઈ.

કાશ્મીરનું પ્રભાત.

પાત્ર યોજના.

મિહિરગુલ.............હુણુ સરદાર, હુણુ સામ્રાજ્ય સ્થાપવાની મહત્વાકાંક્ષા રાખનાર.

દેવારક.................હુણુને નિર્મૂળ કરવાની પ્રતિજ્ઞા કરનાર કાશ્મીરના મહારાજાનો બીજો પુત્ર

મીનાર્ક.................મિહિરગુલે છુપાવેલો યુવરાજ.

કૈભાણ્ડ................સેનાપતિ.

ચિત્રાલ.................મિહિરનો મળતીયો.

રેવાશંકર..............લલિતાનો વર.

ભવાનીશંકર............તેનો સસરો.

સિપાહીઓ – દૂતો—બેદૂતો વગેરે.

ધર્મિમલા.................કાશ્મીરના રાજાની હુણુ જાતિની બીજી વારની નિઃસંતાન સ્રી.

અવન્તિકા.................તેની સાવકી પુત્રી મિહિરની સ્રી.

કિરાતી................ દેવારકના પ્રેમમાં, કૈભાણ્ડની પુત્રી

લલિતા....................કિરાતીની સખી. રેવાશંકરની સ્રી

જીવકોર....................ભવાનીશંકરની સ્રી.

દાસીઓ, સખીયો વગેરે.

ઐતિહાસિક આધાર

હિંદુસ્થાનની સીમાની ઉત્તર વિભાગમાં હુણ લોકો ઈ. સ. ૩૦૦ માં પુર જોસમાં આવતા હતા. અને ગુપ્તવંશના સમ્રાટ્ કુમારગુપ્ત અને ખાસ કરીને સ્કંદગુપ્તે તેમને સખત હાર આપી હતી. મહારાજા હર્ષ ગાદીએ આવ્યા, તે પૂર્વે પણ તેમના વડીલ બંધુ રાજ્યવર્ધને તેમને હરાવ્યા હતા. આ જાતિ ઘણીજ કૃતઘ્ની અને નિર્દય હતી. અફઘાનિસ્થાન, અને કાશ્મીર વગેરે પ્રદેશમાં તે ઘણી ફેલાઇ હતી. કેટલાકના કહેવા પ્રમાણે એ હુણ જાતિનો અતિ કૃતઘ્ની ને પ્રપંચી સરદાર મિહિરગુલ ઇ. સ. ૫૧૫ માં થયો ને કેટલાકના કહેવા પ્રમાણે ઇ. સ. ૨૬૦ માં થયો (થોમસ વોટર્સ યોન યાંગની હિંદુસ્થાનની મુસાફરી પૃ. ૨૯૦ ભા. ૧ લો) આ મિહિરગુલને મગધના રાજા બાલાદિત્યે હરાવી કેદ પકડયો હતો. એ સમયમાં એનું રાજ્ય એના ભાઈએ પડાવી લીધું હતું. બાલાદિત્યની માની આજીજીથી મિહિરગુલને છુટો કરવામાં આવ્યો, તે કાશ્મીરમાં ગયો અને ત્યાંના રાજાનું ખૂન કરીને પોતે ગાદીપર બેઠો. ત્યાર પછી બૌદ્ધમતનો સદંતર નાશ કરવા તે મંડી પડયો અને ૧૬૦૦ સ્તૂપ તથા મઠોનો નાશ કરી નવ કરોડ બૌદ્ધમતવાદીઓનો નાશ કર્યો એનું મૃત્યુ અચાનક થયું. હવા ઘેરાઇ ગઈ, પૃથ્વી ધ્રૂજી ઉઠી અને તોફાની વંટોળીયો વાવા લાગ્યો અને તે અંતિમ દુઃખના નર્કમાં પડયો. (એજ પુસ્તક પૃ ૨૮૯) અને કાશ્મીરનું પ્રભાત થયું.

આ વૃત્તાંતને આધારે કલ્પના મિશ્રિત પ્રસ્તુત નાટકનું વસ્તુ રચવામાં આવ્યું છે; વીન્સેન્ટ સ્મીથના પ્રાચીન હિન્દુસ્થાનના ઇતિહાસમાં અને ઇ. બી. હોવેલના હિન્દુસ્થાનમાં આર્ય સામ્રાજ્ય ઇતિહાસમાં આ વાતને ટેકો આપવામાં આવ્યો છે.

સ્થલ—કાશ્મીર.

અંક ૧લો

દૃશ્ય ૧ લું.—રાણીનો મહેલ.

મિહિરગુલ અને રાણીને આડો સંબંધ છે. લોકોમાં તે વાત ફેલાયલી છે. રાણી અને મિહિરગુલનો પ્રેમ પ્રસંગ, રાણીનાપ્રેમનોલાભ લઇ રાજાનું ખૂન કરવા રાણીને આડકતરી રીતે મિહિર ઉશ્કેરે છે. રાણી તૈયાર થાય છે. એવામાં રાજા, અવન્તિકા અને કોભાણ્ડ, મિહિરની તપાસ માટે ત્યાં આવે છે. મિહિર સંતાતો છટકી જાય છે. કોભાણ્ડ તપાસ ચલાવતાં હારે છે. રાજા, મિહિરપર ન વહેમાતાં રાણીપરનો વહેમ પણ દૂર કરે છે. અને સલાહસંપથી શરબત પીએ છે. એ શરબતમાં રાણી ઝહેર આપે છે; અને તે પીતાં રાજા મૃત્યુ પામે છે.

દૃશ્ય ૨ જું—સ્મશાન પાસેનો માર્ગ.

હુણપર વિજય મેળવીને આવતો દેવારક શહેરમાં કાળાં તોરણો જોઇ મુઝાય છે, કૃત્રિમ શોક ધારણ કરીને આવતી ધમ્મિલા. ધમ્મિલાનું કપટ દેવારકે કળી જવું. ધમ્મિલાનું સ્ત્રી ચરિત્ર. દેવારકે તેને મારવા જવું. મિહિરગુલનું આવવું. મિહિરગુલને જોતાંજ દેવારકનો ક્રોધ. બન્નેએ લડવા તૈયાર થવું. અવન્તિકાએ આવી વચ્ચે પડવું. ક્ષણિક મંત્રી કરાવવી. એવામાં દેવારકનો મોટો ભાઇ મીનાક્ષ (જેને મિહિરગુલે છુપાવી રાખ્યો હતો તે) જડયો છે એવી મિહિરગુલની કપટી રાજ્ય નીતિથી ત્યાં ખબર આવે છે. દેવારકને પિતાની ઉત્તર ક્રિયા કરવાની સોંપી અવન્તિકા મીનાક્ષને છોડાવી લાવવા મિહિરગુલને મોકલે છે.

દશ્ય ૩ જું—કિરાતીનું ઉપવન.

દેવાકરને મળવા આતુર થએલી કિરાતીને સખીઓ બનાવે છે. કિરાતી અને દેવારકનું સ્નેહમિલન. બાદ ધમ્મિલા ની પ્રપંચી યુક્તિ. મિહિરગુલ મીનાર્કને બચાવવા નહીં, પણ મારીનાંખવા ગયાની બનાવટી ચિઠ્ઠી અવન્તિકાના નામે દેવારકપર તેની દાસી સાથે મોકલાવે છે. દેવારક પોતાના મોટાભાઈ મીનાર્કને બચાવવા જાય છે.

દશ્ય ૪ થું—ચિત્રાલની છાવણી.

કરેલા સંકેત મુજબ મિહિરગુલ ચિત્રાલ સાથે બનાવટી યુદ્ધ કરી મીનાર્કને છોડાવી તેનો વિશ્વાસુ બને છે. મીનાર્ક મિહિરગુલને ભેટે છે. મીનાર્કને પકડાએલા જાણી દેવારક મિહિરગુલ ઉપર ઘા કરે છે. મિહિરગુલની પ્રપંચ ભરી યુક્તિ. મીનાર્ક પોતાને બચાવનાર પર ઘા કરવા માટે દેવાકરને અપ-રાધી ઠરાવી દરબારમાં તેનો ન્યાય કરવા હુકમ ફરમાવે છે. બંન્ને ભાઇ વચ્ચે કલેશ કરાવવાના પ્રપંચમાં ફાવવાથી મિહિરગુલ ખુશી થાય છે.

દશ્ય ૫ મું—રેવાશંકરનું સાસરૂં.

ભવાનીશંકર બ્રાહ્મણનું ઘર. ભવાનીશંકર એ દેવારક ના મિત્ર થયેલા રેવાશંકરનો સસરો છે તેના ઘર સંસારની ઝાંખી. પરણ્યા પછી પણ રેવાશંકરે પોતાની પત્નીનું મ્હોં જોયું નથી. તેની પત્ની લલિતા સખીઓ સાથે આવે છે. તેમાંથી લલિતાને ઓળખી કાઢવાની રેવાશંકરની યુક્તિ. સાસરે ન જવામાં લલિતાના ચાળા અને તોફાન. છોકરીને સાસરે ન મોકલવામાં માની છોકરીને ઉશ્કેરણી. રેવાશંકર સમય જોઇ બધી શરત કબૂલ કરી એને ઘેર લઈ જાય છે.

દશ્ય ૬ ઠું—મિહિરનો મહેલ.

મિહિર અવન્તિકાને મળે છે અવન્તિકાના નામની ચિઠ્ઠી તેને બતાવે છે, અને કહે છે કે તેંજ તારા ભાઇને ચઢાવી મારૂં ખૂન કરવા ઉશ્કેર્યો છે. અવન્તિકાની આજીજી. મેં ચિઠ્ઠી નથી લખી એવા સોગન દરબારમાં લેવા મિહિ-રગુલ અવન્તિકાને કહે છે જેથી દેવારકેજ અવન્તિકાના નામથી ચિઠ્ઠી લખી મિહિરગુલનો નાશ કરવાનો ઇરાદો રાખ્યો હતો એવું સિદ્ધ થાય; અને પરિણામે બંન્ને ભાઇ લડી મરે.

દશ્ય ૭ મું—દરબાર.

દેવારકપર મિહિરનો આક્ષેપ. ધમ્મિલાની પુષ્ટિ. દેવારકે અવન્તિકાને પ્રશ્ન કરવો. અવન્તિકાએ સ્પષ્ટ કરવું કે એ ચિઠ્ઠી મારી નથી. દેવારકે ધમ્મિલાનું કપટ કળી જઇ. કટુ વચનો કહેવાં. મીનાકેં ધમ્મિલાના સ્ત્રી ચરિત્રમાં ફસાઇ. દેવારકને અપરાધી ગણી હથિયાર મૂકી દેશનિકાલની સજા ફરમાવવી. દેવારકનો ક્રોધ. અવન્તિકાની આજીજી. દેવારકને પકડવા મિહિરનો હુકમ. દેવારકનો બચાવ.

અંક ૨ જો.

દશ્ય ૧ લું—મિહિરનો મહેલ.

મીનાર્કનું ખૂન કરવા ધમ્મિલાની યોજના. મિહિર સાથે પ્રેમાલાપ. અવન્તિકાએ સ્વપ્નમાંથી ચીસ પાડી ત્યાં દોડી આવવું. પ્રેમ ચેષ્ટા જોતાંજ તેનો ક્રોધ. ધમ્મિલાએ ખરી સ્થિતિ જાહેર કરવી. મિહિરે પોતાનો ખરો સ્વભાવ બતાવવો. અવન્તિકાની દુર્દશા. મીનાર્કના ખૂનની ખબર. અવન્તિકાનો ક્રોધ.

દશ્ય ૨ જું—વન નિવાસ.

પ્રિયતમને શોધતી કિરાતી રાત્રે છુપાવેશમાં દેવારકને મળવા આવેછે; અંધારામાં દેવારક તેને બરાબર ઓળખી શકયો નથી. હુણનો દૂત માની તેના પર ઘા કરવા જાય છે. કિરાતીની ચાલાકી અને પ્રેમનું પરસ્પર રસ ભર્યું ઓળખાણ.

દશ્ય ૩ જું—ધમ્મિલાનો મહેલ.

અવન્તિકાના સેવક મિસાલ સાથે રાણીનું કાવતરૂં.

દશ્ય ૪ થું—છાવણી.

કાવતરાં પ્રમાણે મિસાલ દેવારકનું ખૂન કરવા જાય છે. પતિનો પક્ષ છોડી અવન્તિકા દેવારક પાસે આવે છે તે મિસાલને પકડે છે. દેવારક જાગે છે. અવન્તિકા ખૂન કરવા આવી છે, એમ વહેમાય છે. ભાઇ બ્હેનનો સંવાદ. અવન્તિકાનો નિખાલસ બચાવ, દેવારકની ગુંચવણ. મિહિરે દેવારક પર છાપો મારવા આવવું. લડાઇ. દેવારક—અવન્તિકા કેદ.

દશ્ય ૫ મું—રેવાશંકરનું ઘર.

લલિતાનું રાજ્ય. રેવાશંકરની સેવા. લલિતાના તોફાનમાં ન ફસાતાં રેવાશંકર પોતે તેમની ચતુરાઇ સમજી ગયો છે એ સ્પષ્ટ કરવું. જીવકોર અને લલિતાનું તોફાન.

દશ્ય ૬ઠું—મિહિરગુલનો દરબાર.

મિહિરને રાજ્યાસન આપવા ધમ્મિલાની તૈયારી. કિરાતીના પિતા કૌભાણ્ડે સામા પડવું. કૌભાણ્ડનું મૃત્યુ. કિરાતીનું આવવું. કિરાતીને કેદ કરવા જતાં તેનું છટકવું. મિહિરના જુલ્મથી ત્રાસી પ્રજાએ બંડ કરવું. તેમનાં ઘર બાર બાળી તેમને ઘાતકી રીતે મારી નાંખવાનો મિહિરનો હુકમ. પ્રજાજનોને બાળી નાંખવાનો ત્રાસદાયક દેખાવ.

અંક ૩ જો

દશ્ય ૧ લું—જંગલ.

દેવારકને છોડાવાની કીરાતીની યોજના. બાલાદિત્ય અને યશોધર્મીરાજાને ત્યાં સહાય માટે તેણે દૂતો મોકલવા.

દશ્ય ૨ જું—કેદખાનું.

અવન્તિકા અને દેવારક. કિરાતી આવી દેવારકને નસાડે છે. ધમ્મિલા આવેછે. અવન્તિકા અને ધમ્મિલાનો સંવાદ. ધમ્મિલાનું અભિમાન. મિહિરનું ખૂન કરી પોતે રાણી થશે એવું વાકય મિહિરે આવતાંજ સાંભળવું. મિહિર અને ધમ્મિલાનું વાક્ યુદ્ધ. ધમ્મિલાને કેદની શિક્ષા. પોતાનો ભાઇ કયાં નાઠોછે એની ખબર ન આપે ત્યાં સુધી દરેક-ગામમાં સો સો ફટકા મારવાની અવન્તિકાને શિક્ષા.

દશ્ય ૩ જું—ખેતરો પાસેની ઝાડી.

ખેડુત વેષમાં દેવારકનો શોક. કિરાતી તેને દિલાસો આપી મગધના રાજા નૃસિંહ બાલાદિત્યની મદદ મેળવવા જાય છે.

દૃશ્ય ૪ થું—સીમાડા પાસેનાં ખેતર.

અવન્તિકા ને પકડી લાવનારા સિપાહીઓનો ખેડુતો પર જુલમ. અવન્તિકાને સો સો ફટકા મારવાની તેમને સિપાહીઓ હુકમ કરે છે. અવન્તિકા બેહોશ પડેછે; દેવારક સાથે યુદ્ધ. કિરાતી આવેછે. સહાયક રાજાઓ તેની રાહ જુએ છે એવું દેવારકને સમજાવી તેને નસાડે છે અને પોતે એકલી સર્વ હુણોને અટકાવે છે.

દૃશ્ય ૫ મું—રેવાશંકરનું ઘર.

લલિતા વગેરેને ઠેકાણે લાવવાંની રેવાશંકરની યુક્તિ. પોતાની સ્ત્રીઓ ઉછૃંખળ થઇ છે, એવી ન્યાતિલાઓની ફરીયાદી; રેવાશંકરની યુક્તિમાં તેઓ સામેલ થાય છે. લલિતા વગેરે ફસાય છે. રેવાશંકર ફાવે છે. અને લલિતા સુધરે છે.

દૃશ્ય ૬ ઠું—ભયંકર કારાગૃહ.

ધમ્મિલાને મૃત્યુયંત્રમાં હોમવાની મિહિરની તૈયારી. અવન્તિકાએ વચ્ચે પડવું. છતાં ધમ્મિલાને હોમીદેવી. કિરાતીની પણ એજ દશા કરવા જવું. અવન્તિકાને દૈવી કોપની ભયંકરતાનો ભાસ થતાં મિહિરને ચેતાવવો. મિહિરે ન માનવું. વિજળીના કડાકા અને તોફાન. વિજળી મિહિરપર તૂટી પડવી. દેવારક વગેરે એ ત્યાં આવી પહોંચવું. પાપીને પ્રભુએ શિક્ષા કરી તે જોવી. છેવટે કાશ્મીરની કાળરાત્રિ પુરી થઈ અને કાશ્મીરનું પ્રભાત થવું. તે સમયે દેવારક અને કિરાતીનાં લગ્ન કરવાં.

ઇતિ.

ૐ શ્રી

કાશ્મીરનું પ્રભાત.

નાટકનાં ગાયનો.

૧

મંગળાચરણ.

તું ભજ ગણનાથ,
એકજ આદિ દેવ મહારાજ,
શિવસુત દયાનિધિ,
જગ વિખ્યાત—તું૦
અર્પી પ્રાણ માત કાજ આશિષ માતની ગ્રહી,
શાંતિ દે તાત! તું કૃપાળ, કર મંગળ હે દયાલ!—તું૦

બાળાઓ-- ૨

સખી! ધરો દેશ પ્રીતિ તમ દિલમાં,
હૃદય નવ હરખે, મુખડું નવ મલકે;
નયન નવ ચમકે દેશ તણા ઉદયે,
સખી! એહ નહિ માનવમાં—સખી૦

અંતર નવ જો ઉછળે જનનાં તો એહ પશુમાં ગણીએ,
તમ પ્રાણદાન દો જન્મ ભૂમિને તો માનવમાં ગણીએ;
એ જન્મ સફલ આ ભવમાં—સખી૦

ધમ્મિલા— ૩

ઘેલી બની છું પ્રેમમાં સ્વીકારતા શાને નથી?
પ્યાલી ભરીને પ્રેમની શાને મુને પાતા નથી?—ઘેલી૦
અંગો બળે છે આગમાં નિષ્ઠુર કાં ઉભા રહ્યા ?
ખંજર ખુંપાવો દેહમાં શાંતિ મુને થાતી નથી.—ઘેલી
વ્હાલા હુંથી રહેવાયના મુંઝાઇ આ જીવ જાય છે,
પાયે પડું છું આપના શાને ચુમી દેતા નથી ?—ઘેલી

વારાંગનાઓ— ૪

જાતે હો જાને જાં કહાં, અભી દિલ તો હમારા ભરાહિ નહિ
અભી બોસ એ લબતો મીલાહિ નહિં, અભી ગુંચ એ
દિલ તો ખીલાહિ નહિં

કબ તલક ભલા ગમ ખાએ કોઈ,
કીસ તરહ જાનસે જાએ કોઈ,
ઉસે ખાંક ભલા સમજાએ કોઇ;
ઉસ બુતકો તો ખોફે ખુદાહિ નહિ
મયને જો સવાલે વસ્લ કીયા,
વો હમ્દ મુજે જવાબ મીલા;
તકદીરમેં તેરે લીખ્ખાહિ નહિં.

તેરે દરદે જીગરકી દવાહિ નહિં,
તુને દીલતો ખુતોકો દીયાહિ નહિં;
અભી દિલતો હમારા ભરાહિ નહિં.

અવન્તિકા— ૫

દેશ ગજાવો સહુ સજન !
નભ ગાજે જેમ મેઘ ભયંકર.
ભરતભૂમિતણી ભક્તિ ધરી દિલ,
વીર હૃદય બતલાવો. —દેશ૦
રૂધિર વહે તન ભરત ભૂમિતણું,
ભેદ તજોને તજાવો;
ઝટ આત્મજીવન ધરી દેશ ચરણુ,
પ્રેમલ શૌર્ય જગાવો. —દેશ૦

સખીઓ— ૬

જરા ધીરી તું ચાલ (૨) જરા ધીરી.
જુએ લ્હેરી કો લાલ,
તારાં ઝાંઝર સંભાળ;
સખી ! કામણુ કરનાર,
જોને ! લટકાળી તારી ચાલ છે—જરા૦
મીઠાં છે વેણુ તારાં વાંકાં છે નેણુ તારાં,
કેવા સુંવાળા આ વાળ છે—સખી કેવા૦
બોલ બોલ૦—

રસીયો લોભાય કોઈ, તારૂં આ રૂપ જોઈ,
જોજે જુવાનીનો કાળ છે—જરા૦

સખીઓ— ૭

સજનીરે! પવન આ તો કયાંના વાય!
કિરાતી— સતાવો શાને સજની?
કહું છું મારા મનની,

સખી— સખીરી! કહેતાં અંગ અંગ કાં ભીંજાય?–પવન
કિરાતી—કામણ કરી મુને કોઈ કંઈ કહે છે,
વાત સૂણી ઉર આ ઊછળે છે.
સખી— મદન મંત્ર મીઠા, સજની! તેં તો લીધા.
યૌવનની એ લ્હાણી, એમાં કાં મુંઝાણી?
કિરાતી— ભરમાવી, હું ફસાવી,

સખી— મલકાતી શાને શરમાય?—પવન૦

કિરાતી— ૮

આ કંઇ જાદુ ચલાવે.
લોચનીયાં તુજ મીઠાં આ કંઈ જાદુ ચલાવે.
રસભીનાં, તુજ નયનાં, મદમાતાં આમ જોત
પાંપણુને પલકારે લલચાવે—આ૦
સોયસમાં તીણાં કર્યાં અણીયાળાં કાં નેન?
વીંધ્યાં દિલ કાં કુંમળાં બોલી મીઠાંવેણુ.

દિલ ધડકે, પગ લથડે, તન કંપે તુજ સંગે
પ્રિય શાને! પ્રેમ રંગે, તું ભીંજાવે—આ૦

લલિતા— ૯

મારી આંખમાં તો કોઈ એક બેઠું.
અલિ! મને કાંઇ કાંઇ કે'છે.
મારા દિલમાં તો કોઇ એક પેઠું,
અલિ! મને હુંફ ઊની દે' છે—અલી૦
વાતો સુણાવે અજબ કો પ્રેમની
બોલું તો દે નહિ બોલવા,
પ્રીતિના નીરમાં ડુબે આ નાવડી.
આવે મને ન એ તારવા —મને૦

મીઠું હસે છે ને ધીમે ખસે છે
વાંકાં નચાવે છે નેન એ,
વરસે છે વાદળીને ભીંજે છે કાંચળી,
કહેવી કોને જઈ વાત એ? —મને૦

લલિતા— ૧૦

શાણી સહિયરની સંગે મળીને જાઉં જમુના તીરરે હાં,
તોયે તમારે કાંઇ બોલવું ના.
માથે તમારે બેડલું મૂકી, ચાલું હું લચકાતીરે—તોયે૦

રેવા—

કુદડી ફરતાં થાકો જ્યારે પગચંપી અમે કરશુંરે,
ખમ્મા, ખમ્મા, કહેતાં તમને હાં જીહાં અમે કરશુંરે.–તોયે૦

લલિતા—

કામરૂ દેશે શીખવા જાશું કામણની રૂડી રીતિ રે,
કામણ કરી હુ રંગ જમાવું થન ગન નાચ નચાવુંરે—તોયે૦

રેવા—

લાતો ખાશું સુંદર પગની મજબૂત કરશું માથું રે,
વાહવાહ વાહવાહ કેતાં તમને પગ તારા પંપાળુંરે—તોયે૦

અવન્તિકા— ૧૧

પોથીવિધિની ઊધડે—(૨)
શાને જગ ન આંખ ખોલે?—પોથી૦
જાગ, જાગ, જગ! જાગ,
સંપ મંત્ર ઉર ધાર,
રાજ્યે પ્રલય વાયુ વાયે—પોથી૦
તજી સ્વાર્થ કર કામ,
દેશ પ્રેમ તું જગાવ,
શાને ફોકટ માથું ફોડે!—પોથી૦

અંક ૨ જો.

ધમ્મિલા— ૧૨

આજે દુનિયા શું વિચારે,
પ્રભુ પ્રેરિત તે નિયમ ન માને,
એકજ સ્વારથ તે ઉર ધારે—આજે૦
કપટ પ્રપંચની બાજી ખેલાવે,
મંત્ર ખરો એ એકજ માને,
નિર્ધન કે ધનવંત આવે,
એહજ બુદ્ધિ કોણુ વિસારે?—આજે૦

ધમ્મિલા— ૧૩

તમે પીઓ રસીલા ઘુંટડા આ પ્રેમના,
હું પાઉં રસભર રંગમાં આ ઘુંટડા હો! પ્રેમના-તમે૦
પ્રિયકર લાગે જે તને તે પ્રાણુથી વ્હાલું મને,
એ હોય દુઃખકર જો તને તો તેમ લાગે છે મને-તમે૦
પ્રિયતમ! તારી આંખનાં તોફાનમાં મસ્તાન છું,
હું તારી દિલબર! પ્રેમની આ બાથમાં બેભાન છું-તમે૦

કિરાતી— ૧૪

પિયુ! પિયુ! પોકારતી ભમું ભમું સ્થળે સ્થળે.
જગતનાં ઓ પ્રાણીઓ! ક્યાં કહો, પિયુ મળે?–પિયુ૦

પગલાં જ્યાં પિયુતણાં વને વને શોધાય છે,
પ્રેમતણાં પ્રકાશનાં કિરણ ઝટ ફેલાય છે.–પિયુ૦

સ્વર્ગ સુખ ભલે જતું પ્રેમ ભાવ ના જશો,
પ્રાણ આ જજો ભલે પ્રેમી દિલથી ના જશો.

કિરાતી— ૧૫

છેડો મને ના રાજવી કેવી તમારી રીત છે,
શીખ્યા તમે ક્યાંથી કહો આતો ઠગારી પ્રીત છે.

ના બોલવું મુખે કંઇ ને આંખ વાંકી રાખવી,
કામણ કળા આ કારમી કોણે કહોને શીખવી.

તુજ આંખના સંદેશની ભાષા મને ના આવડે,
જાદુ ભર્યા એ મંત્રની બોલો કળા ક્યાં સાંપડે.

અવન્તિકા--   ૧૬

બને જે ક્રોધમાં અંધા ભૂલે છે ભાન તે દિલનાં
ભલે દિલ હોય તે વીરનાં- બને જે૦
આંખો મળી પણ જોય ના છુપું રહ્યું કંઈ સત્ય છે,
વચાર પણ તે ના કરે કેવું થનારૂં કૃત્ય છે;
જે તારનારો હોય તેને ડુબતો બચકાં ભરે,
ક્રોધાન્ધ પણ સમજે નહિ અંતે રડીને તે રહે.
ભલે ને હોય બળ તપનાં—બને જે૦

રેવાશંકર—   ૧૭

ભલે તને આવે ઘણી આવી વાઈ
ચાલ, ચાલ, જોઉં હું તારી ભવાઈ.—ભલે૦

મરશો તમે તોયે ચિન્તા નથી જરી
મળશે મને બીજી બાઇ
સિન્ધુની વાટે બાઈ તમારે માટે
રાખી છે ચીતાની સોઇ-ભલે૦

લલિતા—અરર મા કંઇ કંઇ થાય છે
કંઈ અહિં થાય છે, કંઈ અહિં થાય છે.

વળી અહિં થાય છે મારો જીવ જાય છે.

જીવકોર—હાય, હાય, હાય આતો મરી જાય છે,

રેવા—ડાઘુ તો ભેગા મળ્યા છે મળ્યા પુરના લોક,

કહો તો ઉંચા સુરથી મૂકીયે તમારી પોક.

લલિતા—માડી આ તારો તે કેવો જમાઇ !

રેવા—ખરે યમરાજાનો હું તો છું ભાઇ-ચાલ૦

વારાંગના— ૧૮

જાદુ ભરે તોરે લોચનીયાં

નયનાં નચાવોના મોહનીયાં

ચીતવન ટેડી તેરી કન્હાઇ

લાગ રહે મોહબાન—જાદુ૦

મોર મુગટ વારે, નંદ દુલારે,

વિશ્વકે પાલન હારે,

બંસીવાલે કાનન કારે—નયનાં૦

અંક ૩જો

કિરાતી— ૧૯

મધુર મુખ દર્શન થાય નહિ.
વાણી સુણાય નહિ મધુરી—મુખ૦
પ્રેમલ જ્યોતિ અંતર માંહે,
ધીર અધીર બનાવી રહે—મુખ૦
કામ સુઝેના, ધ્યાન રહેના,
કેમ સહુ દુઃખ આ દિલનાં!—મુખ૦

અવન્તિકા— ૨૦

કેમ મતિ મુજ આજ મુંઝાયે!
ચેન પડે નહિ કાંઇ સુઝે નહિ.
ભાવી દુઃખ વરસાવે—અરે કેમ૦
જન્મ લઈ નજ દેહ તજી દઈ,
સુખ મય જીવન ગાળે,
ધિઃક હજો જીવતર તે નરનાં,
અંતે સુખી નવ થાયે—અરે કેમ૦

કિરાતી-- ૨૧

પ્રીતમ વીતી રાતડી.
ભટકી વનેવને પગલે હું તારે રે—પ્રીતમ૦
નદી તીરે પિયુની ઝુંપડી,
ત્યાંતો વરસતી મેઘની ઝડીરે—પ્રીતમ૦
મારે દેવી પિયુને અંજલિ,
એકે ફુલની ન પાંદડી જડીરે—પ્રીતમ૦

અવન્તિકા-- ૨૨

દેશ કાજે જીવનની પરવા અમે કરતાં નથી,
દુઃખો તણા પા'ડા પડે તોયે અમે ડરતાં નથી.
જન્મ્યાં અમે જે દેશમાં તે દેશને તજતાં નથી;
સ્વતંત્રતાની ઘોષણા ભરતાં અમે મૂકતાં નથી.
નિદ્રા તજી જાગો તમે કાં સંપને ભજતા નથી?
લુંટાય છે કાશ્મીર આ શાને તમે ઉઠતા નથી?
ઉંચાં તમારાં દિલ છે ઉંચાં તમારાં કુળ છે,
છુટે ન જો આ દેશ તો જીવન તમારૂં ધૂળ છે.

લલિતા—　　　　　　　૨૩

આજ થકી નવ વાંકાં થાશું મુખ માગ્યું અમે દેશું રે
તમે જે કે' શો તે કરશું.

રેવા-ક્રોધ થતાં હું લાત લગાવું મુંગે મ્હોંએ સ્હેશો;
હસતે મુખડે, માઝમ રાતે, સેવા મારી કરશોરે—તમે૦

લલિતા-સુંદર સેજ બીછાવી સારી ફુલડાંથી બહુ રમશું
થાકયાં પાકયાં સૂતાં તમને વીજણે વાયુ વાશુરે -તમે૦

સમાપ્ત.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો મુંબઇ ગુજરતી નાટક મંડળીનો જ્યાં મુકામ હોય ત્યાંથી રોકડી કીંમતે મળશે વી.પી.થી મોકલવામાં આવશે નહીં.

૧ સૌભાગ્ય-સુંદરી.
૨ વિક્રમ ચરિત્ર.
૩ કામલતા.
૪ મધુ-બંસરી.
૫ સુધા-ચંદ્ર.
૬ સ્નેહ-સરિતા.
૭ મેઘ-માલિની.
૮ આનંદ-લહરી
૯ પ્રતાપ-લક્ષ્મી.
૧૦ કુલીન કાન્તા.
૧૧ હરિશ્ચંદ્ર.
૧૨ કનક-તારા.
૧૩ કુંદબાળા.
૧૪ ચંદા ૧૫ રાજ-બીજ.
૧૬ મેવાડનો પ્રતાપીચંદ.
૧૭ દુઃખી બાપુ બ્હેન.
૧૮ પ્રેમકળા
૧૯ માનસિંહ-અભયસિંહ.
૨૦ મુળરાજ સોલંકી.
૨૧ સુંદર-વેણી.
૨૨ રસીક-મણી.
૨૩ બારિસ્ટર
૨૪ રામ ચરિત્ર
૨૫ જયરાજ
૨૬ પુષ્પસેન-પુષ્પાવતી.
૨૭ નૃસિંહાવતાર.
૨૮ તિલક કુમાર.
૨૯ કરણ ઘેલો.
૩૦ વીર મંડળી.
૩૧ મોહિની.
૩૨ જહાંગીર શાહ ગૌહર.
૩૩ અજબ કુમારી.
૩૪ નળ-દમયંતી.
૩૫ લલિતા દુઃખ દર્શક.
૩૬ લક્ષાધિપતિનો રમણ.
૩૭ સંગતનો રંગ
૩૮ દાગે હસરત.
૩૯ નેક અંજામ.
૪૦ જુગલ જુગારી.
૪૧ નંદબત્રીસી
૪૨ નવલશા હીરજી.
૪૩ ચંદ્રભાગા.
૪૪ વસંત-પ્રભા
૪૫ સંગતનાં ફળ.
૪૬ વિશ્વલીલા.
૪૭ તિલસ્મે ફિત્નત.
૪૮ કૃષ્ણ ચરિત્ર.
૪૯ દેવકન્યા.
૫૦ નવલ-કુસુમ.
૫૧ ખાન્દાને ગુલ.
૫૨ રામ-રતન
૫૩ શકુંતલા
૫૪ ભદ્રાભામિની
૫૫ વિમળા
૫૬ હોંસીલી હીરા.
૫૭ શ્રી દેવી.
૫૮ કનક-કિશોરી.
૫૯ ગુમાન-તારા.
૬૦ નાગમતિ.
૬૧ જહરી અંગુસ્તર
૬૨ સામ્બ લક્ષ્મણા
૬૩ ભારત સંતાન
૬૪ વીર માનસિંહ.
૬૫ કુમળી કળી.
૬૬ જમાનાનો રંગ.
૬૭ કૉલેજની કન્યા.
૬૮ રાઇનો પર્વત.
૬૯ કાશ્મીરનું પ્રભાત
૭૦ મોહક મહિલા